## ૭. વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વ તરીકે મહેસાણા તાલુકામાં વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માં ધોરણ ૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ થાય છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે યાદચ્છિક પદ્ધતિથી નમૂના તરીકે મહેસાણા તાલુકાની ગ્રામ્યવિસ્તારની બે શાળાઓ અને શહેરીવિસ્તારની બે એમ કુલ ચાર શાળાઓ પસંદ કરી હતી. જેમાં કુલ ૨૮૮ પાત્રોની પસંદગી કરી હતી.

## ૮. ઉપકરણની પસંદગી

સંશોધકે નીચેની વાચનક્ષમતા કસોટીનો ઉપયોગ કર્યો છે.

- વાચનક્ષમતા કસોટી

પ્રયોજક : સ્વ. ડૉ. બી.વી. પટેલ અને ડૉ. આઈ.એ. વોરા

એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન,

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.

આ કસોટીની વિશ્વસનીયતા ચકાસવા ૫૦ વિદ્યાર્થીઓ પર પૂર્વેક્ષણ કર્યું હતું.

## ૯. સંશોધન પદ્ધતિ

સર્વેક્ષણ પદ્ધતિને પ્રસ્તુત અભ્યાસની પદ્ધતિ તરીકે લેવામાં આવી હતી.

## ૧૦. માહિતી એકત્રીકરણની રીત

મહેસાણા શહેરી વિસ્તારની બે શાળાઓ અને ગ્રામ્ય વિસ્તારની બે શાળાઓના ધોરણ ૭માં અભ્યાસ કરતા બાળકોને નમૂના તરીકે પસંદ કર્યા હતા. પસંદ કરેલ શાળાઓના આચાર્યશ્રીઓની પૂર્વમંજુરીથી અનુકૂળતાએ બાળકોને પટેલ અને વોરાની વાચનશક્તિ કસોટી આપવામાં આવી હતી.

## ૧૧. માહિતી પૃથક્કરણની રીત

સંશોધનમાં સંશોધકે એકત્રિત કરેલ માહિતીનું પૃથક્કરણ કરવા કસોટીનું ગુણાંકન કરી t-કસોટી દ્વારા માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.